## સંક્ષિપ્ત સમાચાર

### બેંક ઓફ બરોડાના 'બોબ સંવાદ'નું લોન્ચિંગ કરાયું

મુંબઈઃ બેંક ઓફ બરોડાએ તેના 'બોબ સંવાદ'નું અનાવરણ કર્યું છે. આ પ્લેટફોર્મ ઉદ્યોગનું પ્રથમ AI-સંચાલિત બહુભાષી કન્વર્સેશનલ પ્લેટફોર્મ છે, જેનો ઉદ્દેશ્ય બેંકની શાખાઓમાં ગ્રાહકો સાથેના સંપર્કને સંપૂર્ણપણે બદલી નાખવાનો છે. ભાષાના અવરોધોને દૂર કરવા માટે રચાયેલ આ પ્લેટફોર્મ ગ્રાહકો અને શાખાના સ્ટાફને તેમની પસંદગીની ભાષામાં એકબીજા સાથે સરળતાથી વાતચીત કરવા સક્ષમ બનાવે છે. લોન્ચિંગ અંગે બેંક ઓફ બરોડાના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ ડો. દેબદત્ત ચંદે જણાવ્યું હતું કે, બોબ સંવાદ સાથે, બેંક ઓફ બરોડા સ્થાનિક ભાષાઓમાં રિયલ-ટાઇમ સંવાદને સક્ષમ બનાવીને અમારી શાખાઓને વધુ સમાવેશી અને ગ્રાહક-મૈત્રીપૂર્ણ બનાવવા માટે AI નો ઉપયોગ કરી રહી છે. આ પહેલ ટેક્નોલોજીને ગ્રાહક-કેન્દ્રિત ડિઝાઇન સાથે જોડીને કાર્યકારી ઉત્કૃષ્ટતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે.

### ચેક રિટર્નના કેસમાં એક વર્ષની કેદની સજાનો કોર્ટનો હુકમ

સુરતઃ સબ્લિમેશન પેપરની ખરીદી પેટે આપેલા રૂ. ૪.૬૯ લાખની રકમના ચેક રિટર્ન કેસમાં આરોપી બુહા બ્રધર્સના પ્રોપ્રાયટર વિજેન્દ્ર બુન્હાને કોર્ટે એક વર્ષની સજા ફટકારી તથા ચેકની રકમ ૯% વ્યાજ સહિત વળતર ચૂકવવા હુકમ કર્યો છે. આ કેસમાં આરોપીએ ફરીયાદી નીલ ઇમ્પેક્ષની પેઢી પાસેથી સબ્લિમેશન પેપરનો માલ ખરીદ્યો હતો જેના પેમેન્ટ માટે રૂ. ૪.૬૯ લાખના બે ચેકો આપેલા. જે ચેકો રિટર્ન થતાં નીલ ઇમ્પેક્ષએ વકીલ મુસ્તફા એ. ઘીયા મારફતે ચેક રિટર્નનો કેસ કર્યો હતો.

### ધ રેડિયન્ટ વર્લ્ડ સ્કૂલમાં જાપાની શિક્ષણ પર માર્ગદર્શક મુલાકાત

સુરતઃ દાંડી-નરથાણ, સુરત સ્થિત ધ રેડિયન્ટ વર્લ્ડ સ્કૂલમાં ૯ એપ્રિલે જાપાનના સિનિયર ફેકલ્ટી યુંતારો સુગિયાની માર્ગદર્શક મુલાકાત યોજાઈ. શાળા સંચાલક મંડળ અને શિક્ષકોએ તેમનું સ્વાગત કર્યું. તેમણે 'કૈઝેન' આધારિત જાપાની શિક્ષણ પદ્ધતિ અંગે માર્ગદર્શન આપતાં સક્રિય શિક્ષણ, શિસ્ત, સ્વ-સુધારણા અને વિવેચનાત્મક વિચાર પર ભાર મૂક્યો. આ મુલાકાતથી શિક્ષકોને વૈશ્વિક શૈક્ષણિક દૃષ્ટિ મળી અને CBSE અભ્યાસક્રમને વધુ અસરકારક બનાવવામાં મદદ મળશે. શાળા સંચાલકોએ આવી આંતરરાષ્ટ્રીય પહેલો ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

### આઈ.એન. ટેકરાવાલા સ્કૂલના ટેકનિકલ બેચના પૂર્વ વિદ્યાર્થીઓનું રિયુનિયન યોજાયું

સુરતઃ ગત તારીખ 28-29 માર્ચે આઈ.એન. ટેકરાવાલા સ્કૂલના ટેકનિકલ બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાનું ત્રીજું સ્કૂલ રિયુનિયન આયોજિત કર્યું હતું. છેલ્લા 6 વર્ષમાં આ ત્રીજીવાર રિયુનિયન કર્યું હોઈ તેને "રિયુનિયન 3.0 - ધ હેટ્રિક" નામ આપવામાં આવ્યું હતું. આ અગાઉ 2021 તેમજ 2023માં રિયુનિયન યોજવામાં આવ્યું હતું. ત્રણેય વખતે ઓલપાડ-સાયણ રોડ પર આવેલ એક મિત્રના ફાર્મહાઉસ 'સત્ય ફાર્મ' પર આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ "દોસ્તીના મેળા"માં સુરતથી તેમજ રાજકોટ, વાપી, વડોદરા, અમદાવાદથી ઉપરાંત ન્યુ જર્સી (યુ.એસ.એ.) તથા મસ્કત (ઓમાન)થી પણ જૂના સ્કૂલ સાથીઓ એકત્રિત થયા હતા.ટાઇમ મશીનની મદદ વિના દોસ્તોએ 30 વર્ષ પહેલાનું ટાઇમ ટ્રાવેલ કર્યાની અનુભૂતિ મેળવી હતી. પોતપોતાના વ્યસ્ત જીવનમાંથી આ બે દિવસ જૂના મિત્રોને ફાળવી, બધાએ તરોતાજા થઈને વિદાય લીધી હતી. વધુમાં, પ્રત્યેક મિત્ર તરફથી મળેલા આર્થિક સહયોગમાંથી ખર્ચ ઉપરાંતની રકમ સામાજિક કાર્યમાં સદુપયોગ કરવાનું સર્વાનુમતે નક્કી કરેલ છે.

### ટીએન્ડટીવી ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગમાં ફાયરની મોકડ્રીલ યોજાઈ

સુરતઃ ટી એન્ડ ટી વી ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ, વિનસ હોસ્પીટલ, રામપુરા, સુરત ખાતે એસ.એમ.સી.ફાયર વિભાગના સહયોગથી ફાયર મોકડ્રિલનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. એસ.ડી.વી.એસ. અશક્તાશ્રમ ટ્રસ્ટ ના માર્ગદર્શન હેઠળ ફાયર મોક ડ્રિલ યોજાઇ હતી. કાર્યક્રમમાં સંસ્થાના પ્રિન્સિપાલ પ્રોફેસર કિરણ દોમડિયા, સુરત મહાનગર પાલિકાના ફાયર ઓફિસર, સંસ્થાના કુલ ૧૫૦ નર્સિંગના વિદ્યાર્થીઓ અને ટી એન્ડ ટી વી ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના ૪૦ સ્ટાફ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અંતે વાઇસ પ્રિન્સિપાલ જિમી જેમ્સ મોગારિયાએ તમામનો આભાર વ્યક્ત કર્યો હતો. સંસ્થાના સિવિલ એન્જિનિયર સુનિશ પટેલનો પણ સહયોગ મળ્યો હતો.

### ઔરો યુનિવર્સિટીમાં ઈન્ટિગ્રેટેડ માર્કેટિંગના ભવિષ્ય પર વિશેષ સત્ર યોજાયું

સુરતઃ ઔરો યુનિવર્સિટીની સ્કૂલ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કમ્યુનિકેશન દ્વારા "ધ ફ્યુચર ઓફ ઈન્ટિગ્રેટેડ કેમ્પેઇન્સ" વિષય પર ગેસ્ટ ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રમાં મુખ્ય વક્તા તરીકે મૂવુરા કંપનીની ફાઉન્ડર-સીઈઓ સુશ્રી ત્રિશા સત્રા ઉપસ્થિત રહ્યા હતા. આ સત્રમાં ઈન્ટિગ્રેટેડ માર્કેટિંગ કમ્યુનિકેશન (IMC) અને આજના સમયમાં બ્રાન્ડ નેરેટિવ ઘડવામાં તેની વધતી ભૂમિકા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સત્ર દરમિયાન "કંપની-આઉટ" અભિગમ પર ખાસ ભાર મૂકાયો, જેમાં આંતરિક મૂલ્યો અને બાહ્ય સંદેશ વચ્ચે સુમેળ જાળવવાનો મહત્વ સમજાવવામાં આવ્યો. આ સત્ર દ્વારા વિદ્યાર્થીઓને આધુનિક માર્કેટિંગના પ્રવાહો વિશે ઊંડાણપૂર્વક સમજ પ્રાપ્ત થઈ અને ઇન્ટિગ્રેટેડ કેમ્પેઇન કેવી રીતે આજના ડાયનેમિક મીડિયા પરિસ્થિતિમાં કાર્ય કરે છે તે અંગે પ્રાયોગિક દૃષ્ટિકોણ પ્રાપ્ત થયો.

### વેસુ વેલ્ફેર એસોસિએશન દ્વારા રવિવારે રક્તદાન અને સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન

સુરતઃ વેસુ વેલ્ફેર એસોસિએશને વિવિધ રક્તદાન કેન્દ્રો અને ડોકટરો દ્વારા વેસુ સ્થિત સોસાયટીઓમાં પ્રથમ રક્તદાન અને સ્ક્રીનિંગ કેમ્પનું રવિવાર, 12 એપ્રિલના રોજ સવારે 10 થી બપોરે 3 વાગ્યા સુધી વેસુમાં હેપ્પી એલિગન્સ સોસાયટીના બેન્ક્વેટ હોલમાં આયોજન કરવામાં આવ્યું છે. મીડિયા ઇન્ચાર્જ મનીષ જગનાનીએ જણાવ્યું હતું કે, કિરણ હોસ્પિટલના ડો. ગરિમા મહેતા અને મહિલા આરોગ્ય નિષ્ણાત ડો. પ્રેક્ષા શાહ, દંત ચિકિત્સક ડો. બીજલ ગાંધી અને ફિઝિયોથેરાપિસ્ટ ડો. બીજલ ગાંધી કેમ્પમાં જોડાશે. પ્રમુખ કૃષ્ણ શર્મા, સેક્રેટરી વિશાલ પટેલ અને ખજાનચી રાજેશ કેજરીવાલએ તમામ સોસા. ને આ પ્રકારના આયોજનો કરવા માટે અપીલ કરી છે. આ માટે એસો.નો સંપર્ક કરવાનો રહેશે.

### પંચમ્ ગ્રુપ દ્વારા રવિવારે લક્ષ્મીકાંત-પ્યારેલાલનાં ફિલ્મી ગીતોની સ્પર્ધા યોજાશે

સુરતઃ 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ્ ગ્રુપ ઓફ મ્યુઝિક દ્વારા આગામી રવિવાર તા.૧૨મી એપ્રિલના બપોરે ૪થી ૮ સંગીતકાર લક્ષ્મીકાંત પ્યારેલાલ ફિલ્મી ગીતોનો જાહેર કાર્યક્રમ કલરવ સ્ટુડિયો, ૧૦૨ ટાઇમ સ્કવેર, મારુતિ ટ્રુ વેલ્યુની સામે, ગૌરવપથ, પાલ ખાતે રાખવામાં આવ્યો છે. કાર્યક્રમ માણવા માટે કોઈ પ્રવેશ ફી નથી. સંગીત રસીકોને કાર્યક્રમો માણવા આમંત્રણ અપાયું છે.

# ઝાંપાબજારના વેપારી સાથે રૂપિયા 4.20 કરોડની છેતરપિંડી

**મહિધરપુરા** અર્બન બેંકના જોઈન્ટ લોકરમાંથી ૨.૯૭ કિલો સોનું અને ૩૮ કિલો ચાંદી સગેવગે કરી નોકરે આપઘાત કર્યો

સુરતઃ ઝાંપાબજાર વિસ્તારમાં સોના-ચાંદીના દાગીના પર નાણાં ધીરધારનો વ્યવસાય કરતા ૮૦ વર્ષીય વૃદ્ધ વેપારી સાથે તેમના ૨૫ વર્ષ જૂના વિશ્વાસુ નોકરે વિશ્વાસઘાત કરી અંદાજે રૂ. ૪.૨૦ કરોડની કિંમતના દાગીના સગેવગે કર્યા હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. ગ્રાહકોના ગીરો મુકેલા દાગીના અને વેપારીના પરિવારના દાગીના ભરેલું બેંકનું લોકર ખાલી કરી નાખ્યા બાદ, પકડાઈ જવાની બીકે નોકરે અમરોલી ખાતેના પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

વેસુ વિસ્તારમાં રહેતા વાલચંદભાઈ વીરચંદભાઈ શાહ (ઉ.વ. ૮૦) ઝાંપાબજારમાં 'વી.વી. શાહ' નામે લાયસન્સ ધરાવી નાણાં ધીરધારનો ધંધો કરે છે. તેમણે છેલ્લા ૨૫ વર્ષથી હસમુખભાઈ મફતલાલ મેવાડા (રહે. સિલ્વર સ્ટેટસ, અમરોલી) નાઓને નોકરી પર રાખ્યા હતા. હસમુખભાઈ પર વેપારીને એટલો અતૂટ વિશ્વાસ હતો કે મહિધરપુરા અર્બન કો-ઓપરેટિવ બેંકનું લોકર પણ વેપારીએ પોતાના દીકરા અને નોકર હસમુખના સંયુક્ત નામે ખોલાવ્યું હતું. કોરોના બાદ વેપારીની તબિયત નરમ રહેતી હોવાથી લોકર ઓપરેટ કરવાની તમામ જવાબદારી હસમુખ જ સંભાળતો હતો.

લોકર ખોલતા જ વેપારી પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ ગ્રાહકોને દાગીના પરત કરવાના હોવાથી જ્યારે વેપારીના પરિવારે લોકર ખોલવાની વાત કરી, ત્યારે હસમુખ ગલ્લાં-તલ્લાં કરવા લાગ્યો હતો. ગત ૧૫મી એપ્રિલે જ્યારે પરિવાર બેંક પર પહોંચ્યો, ત્યારે હસમુખ ચાવી લઈને ફરાર થઈ ગયો હતો. મોડી રાત્રે તે ઘરે મળી આવ્યો અને ચાવી પરત આપી, પરંતુ બીજા દિવસે બેંકમાં જઈને તપાસ કરતા લોકરમાં રાખેલા દાગીનાના ૮ થી ૧૦ ડબ્બા સાવ ખાલી જોવા મળ્યા હતા. બીજી તરફ, આ કૌભાંડ બહાર આવતા જ હસમુખ મેવાડાએ અમરોલી ખાતેના ઘરે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું.

### ૨ કિલો સોનું મણપ્પુરમ ફાઈનાન્સમાં ગીરવે મુક્યું હોવાની શંકા

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે હસમુખે ગ્રાહકોના દાગીના પોતાના નામે મહિધરપુરાની મણપ્પુરમ ફાઈનાન્સમાં ગીરવે મુકી રૂ. ૧૨.૭૧ લાખની ગોલ્ડ લોન મેળવી હતી. વેપારીની શંકા છે કે હસમુખે વ્યાજના ચક્કરમાં ફસાઈને અથવા અન્ય કોઈ લાલચમાં આવી કુલ ૨.૯૭ કિલો સોનું અને ૩૮.૭૫ કિલો ચાંદી સગેવગે કરી દીધી છે. આ દાગીનામાં ગ્રાહકોના અને વેપારીના વારસાગત દાગીનાનો સમાવેશ થાય છે. હાલ આ મામલે મહિધરપુરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### 10 હજારથી વધુ શ્રદ્ધાળુની હાજરીમાં નવકાર મહામંત્ર

વિશ્વ શાંતિ, અહિંસા અને આધ્યાત્મિક એકતાનો સંદેશ આપતા વિશ્વ નવકાર મહામંત્ર દિવસ નિમિત્તે સુરતમાં ગુરુવારે ભવ્ય સામૂહિક મહાજાપ સફળતાપૂર્વક યોજાયો હતો. જૈન ઇન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન (JITO) સુરત દ્વારા ઇન્ડોર સ્ટેડિયમ ખાતે સવારે 7:29 થી 9:36 દરમિયાન યોજાયેલા આ કાર્યક્રમમાં 10 હજારથી વધુ શ્રદ્ધાળુઓએ હાજરી આપી, જેના કારણે સમગ્ર પરિસર નવકાર મંત્રના ગુંજનથી ભક્તિમય બની ગયું હતું.આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા અને તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે નવકાર મંત્ર કોઈ વ્યક્તિનું સ્મરણ નહીં પરંતુ પદ અને ગુણોની આરાધના છે. (તસવીર : સતીષ જાદવ)

### મોટા વરાછામાં નવી બંધાતી બિલ્ડિંગના બેઝમેન્ટના પાણી ભરેલા ખાડામાંથી યુવકનો મૃતદેહ મળ્યો

સુરતઃ મોટા વરાછા ખાતે નવી બંધાતી બિલ્ડિંગના બેઝમેન્ટમાં પાણી ભરેલા ખાડામાંથી કામદાર મૃત હાલતમાં મળી આવ્યો હતો. મૂળ મધ્યપ્રદેશ કટનીના વતની અને હાલ મોટા વરાછા દુખિયાના દરબાર રોડ પર રિયો લક્ઝરિયા નામની નવી બંધાતી બિલ્ડિંગમાં 23 વર્ષીય સતીષ મદરાજી ગૌડ રહેતો હતો અને ત્યાં કડિયાકામ કરી વતનમાં રહેતા પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. બુધવારે રાત્રે સતીષ બિલ્ડિંગની લિફ્ટના ડક (પેસેજ)માંથી નીચે પટકાઈ બેઝમેન્ટમાં પાણી ભરેલા ખાડામાં પડ્યો હતો.

ઘટનાની જાણ ત્યાં કારીગરોને થતાં તાત્કાલિક પોલીસ અને ફાયરને જાણ કરાઈ હતી. ફાયર જવાનોએ સ્થળ ઉપર પહોંચી સતીષની લાશ ખાડામાંથી બહાર કાઢી હતી. સતીષે આપઘાત કર્યો છે કે અકસ્માતે નીચે પટકાયો એ અંગે વધુ તપાસ ઉત્રાણ પોલીસ કરી રહી છે.

# ડાંગનાં ગલકુંડ ગામે પાંચ વર્ષે ખીલ્યું સૂરણનું દુર્લભ ફૂલ

**ફૂલ** જોવા આસપાસના ગામના લોકોની ભીડ ઊમટી

સાપુતારાઃ આહવાના ગલકુંડ ગામમાં એક અત્યંત દુર્લભ ઘટના સામે આવી છે. ગામના પ્રગતિશીલ ખેડૂત અનિલભાઈ રાવજીભાઈ ગરાસિયાના ખેતરમાં પાંચ વર્ષ પછી 'સુરણ'નું દુર્લભ ફૂલ ખીલ્યું છે. એકવાર ખીલતું ફૂલ સામાન્ય રીતે સુરણનો ઉપયોગ શાકભાજી તરીકે થાય છે, પરંતુ તેનું ફૂલ જોવું બહુ દુર્લભ માનવામાં આવે છે. અનિલભાઈના જણાવ્યા મુજબ, આ ફૂલ લગભગ પાંચ વર્ષે માત્ર એક જ વાર ખીલે છે. ફૂલ ખીલ્યા બાદ તે ટૂંકા સમયમાં કરમાઈ જાય છે અને ફરી પાંચ વર્ષ પછી જ તેના દર્શન થાય છે. આ પહેલા પણ પાંચ વર્ષ પહેલા આવું ફૂલ જોવા મળ્યું હતુ. સુરણનું ફૂલ ખીલ્યાના સમાચાર ગામથી લઈ આસપાસના વિસ્તારોમાં ઝડપથી ફેલાતા ગલકુંડ ગામમાં લોકોનો ભારે ઉમટો જોવા મળી રહ્યો છે. ફૂલનો વિશિષ્ટ આકાર અને દુર્લભતા લોકોને આકર્ષી રહી છે.

# ગોડાદરામાં તરુણીને લગ્ન માટે દબાણ કરનાર ઝડપાયો

**મોપેડ** પર બેસાડી નવા બંધાતા બ્રિજ પાસે લઇ ગયો હતો

સુરતઃ ગોડાદરામાં બુધવારે રાત્રે સાડા નવ વાગ્યે માતાને હોસ્પિટલે ટિફિન આપી પરત ઘરે જઈ રહી હતી તે વખતે મોપેડ પર આવેલા પડોશી યુવાને તેને પોતાની પાછળ બળજબરીથી બેસાડી દીધી હતી. જેને લઈ તે સીધો જ નવા બંધાતા રેલ-વે ઓવર બ્રિજ નજીક લઇ ગયો હતો.

જ્યાં લગ્ન કરવાની વાત કરી તરુણીની છેડતી કરી હતી. એ દરમિયાન તરુણીએ બૂમાબૂમ કરી મૂકતા તે ભાગી ગયો હતો. જેને પોલીસે પકડી પાડ્યો છે.

આશરે સોળ વર્ષી તરુણીનાં માતાને પથરીનું ઓપરેશન કરાવ્યું હોવાથી તે હોસ્પિટલે સારવાર તળે છે. જ્યાં ટિફિન આપી પરત ફરી રહેલી તરુણીને જે.ડી. ઈન્ટરનેશનલ સ્કૂલ પાસે આવેલા મંદિર પાછળ પડોશી યુવાન સાહીલ રવીન્દ્રપ્રસાદ મોપેડ પાછળ બેસાડી ગંગોત્રી સોસાયટી નજીક નવા બંધાતા રેલ-વે ઓવરબ્રીજ નજીક ખુલ્લી જગ્યામાં લઈ ગયો હતો.

જ્યાં પોતે લગ્ન કરવા માગતો હોવાની વાત કરી હતી. જેનો તરુણીએ ઇનકાર કર્યો હતો. એ સાથે જ તરુણી સાથે અડપલાં કર્યાં હતું. તરુણીએ બૂમાબૂમ કરતાં તે નાસી છૂટ્યો હતો.

# લાંચના કેસમાં અડાજણનો પોલીસવાળો નિર્દોષ છૂટ્યો

**દારૂ** પીધેલાના કેસમાં જામીન ઉપર છોડવા માટે આરોપીએ 1500 ની લાંચ માંગી હતી

સુરતઃ અડાજણ પોલીસ સ્ટેશનનાં અ.હે.કો. લક્ષ્મણભાઇ ગંભીરભાઈ વસાવા ને લાંચના કેસમાં કોર્ટે નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

આ કેસની વિગત મુજબ ફરિયાદી દિપક લક્ષ્મણ પાટીલ (રહે.શિવનગર સોસાયટી, પાંડેસરા) સામે દારૂ પીધેલાનો કેસ થયો હતો. આ કેસમાં જામીન ઉપર છોડવા માટે અડાજણ પોલીસ સ્ટેશનના અ.હે.કો લક્ષ્મણભાઇ ગંભીરભાઇ વસાવાએ રૂ.૧,૫૦૦ની લાંચ માંગી હતી. જેથી તા.૦૩/૧૧/૨૦૧૨ ના રોજ દિપકે એસીબી પોલીસમાં ફરિયાદ આપતા એસીબીએ છટકું ગોઠવી લાંચ લેતા અ.હે.કો લક્ષ્મણભાઇને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ કોર્ટમાં ચાલી હતી. આરોપી અ.હે.કો લક્ષ્મણભાઇ તરફે વકીલ ગૌતમ આઇ. દેસાઇ અને ચેતન કે. શાસ્ત્રી એ લાંચના કેસ ના મહત્વના તત્વો માંગણી, સ્વિકાર અને પ્રાપ્તિ ફરિયાદ પક્ષ પુરવાર કરી શકી નથી સહિતની દલીલો કરી હતી. બચાવ પક્ષ ની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

### ચેક રિટર્ન કેસમાં વેપારીને એક વર્ષની કેદ, ૯ %નું સાદુ વ્યાજ ચૂકવવા હુકમ

સુરતઃ ચેક રિટર્નના કેસમાં કોર્ટે એક વર્ષની સજા ફટકારી હતી. આ કેસની વિગત મુજબ ફરિયાદી ઈસ્માઈલ મુમતાઝ અહેમદ પીરભાઈ ( આઈ.પી. ટેક્ષ એપાર્ટમેન્ટ, ત્રીજો માળ, ભાગાતળાવ) પાસે આરોપી દિનેશ જયપાલસિંગ ઠાકોરે દલાલ સંજયભાઈ જૈન મારફતે તેમની પાસેથી રૂા.૨,૧૫,૯૫૪નું કાપડ ખરીદ્યુ હતું. આરોપીએ રૂા.૯૨,૬૨૫ બાકી રકમ પેટે ફરિયાદીને રૂા.૭૨,૬૫૬ નો ચેક આપ્યો હતો જે રિટર્ન થતાં તેમણે કોર્ટમાં ફરિયાદ કરી હતી. એડી. સ્મોલ કોઝ જડજ બી. સી. ભાલીયા ની કોર્ટમાં સુનાવણી થતાં ફરિયાદી તરફે વકીલ હેમાંશુ યુ. મહેતા તથા જીગર આર. રાજપૂતે કરેલી દલીલોના આધારે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા તથા ફરિયાદીને રૂ. ૭૨,૬૫૬ વાર્ષિક ૯ % ના સાદા વ્યાજ સહિત ચૂકવવા હુકમ કર્યો હતો.

# વેસુમાં રાજ્યનો પ્રથમ 'સીનર્જી અરેના' પ્રોજેક્ટ સાકાર થશે

**જહાંગીરપુરામાં** આધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનશે

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના જહાંગીરપુરા અને વેસુ વિસ્તારમાં રમતગમત તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને વેગ આપવા માટે બે અત્યાધુનિક પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યા છે, જે અંગે તાજેતરમાં મનપા કમિશનર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. જહાંગીરપુરા વિસ્તારમાં આશરે 17,000 ચોરસ મીટરના પ્લોટમાં આધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને તરણકુંડ વિકસાવવામાં આવશે, જેમાં જિમ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ જેવી ઈન્ડોર રમતોની સાથે પિકલબોલ, વોલીબોલ અને બોક્સ ક્રિકેટ જેવી આઉટડોર સુવિધાઓનો સમાવેશ કરાયો છે. આ પ્રોજેક્ટમાં ઓલમ્પિક સાઈઝનો સ્વિમિંગ પૂલ, લર્નર્સ પૂલ, રેસ્ટોરન્ટ અને સ્પોર્ટ્સ યુટિલિટી શોપ પણ બનાવવામાં આવશે. બીજી તરફ, વેસુમાં શહીદ સ્મારક નજીક 25,000 ચોરસ મીટરની જગ્યામાં 'સીનર્જી અરેના' નામે રાજ્યનો પ્રથમ ઈન્ટિગ્રેટેડ સ્પોર્ટ્સ અને આર્ટ્સ ફેસિલિટી પ્રોજેક્ટ સાકાર થશે. અહીં 1200 થી 1500 લોકોની ક્ષમતાનું ઓડિટોરિયમ અને 1200 લોકોની ક્ષમતા ધરાવતો કન્વેન્શન હોલ બનશે, જેનો ઉપયોગ સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રદર્શન, સેમિનાર અને લગ્ન સમારંભો માટે થઈ શકશે. આ સંકુલમાં 15 થી 20 હોટેલ પ્રકારના રૂમ્સ, બેન્ક્વેટ હોલ અને અલાયદું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ પણ ઉપલબ્ધ રહેશે. આ બંને પ્રોજેક્ટ્સને કાર્યક્ષમ રીતે ચલાવવા માટે પીપીપી મોડલ હેઠળ ઓપરેશન અને મેન્ટેનન્સ સોંપવાનું આયોજન છે, જેથી મનપા પર સંચાલનનો ભાર ઓછો રહે અને જનતાને ઉત્તમ સુવિધાઓ મળે. મનપા કમિશનર એમ. નાગરાજને પ્રેઝન્ટેશન દરમિયાન પ્રોજેક્ટને વધુ લોકોપયોગી બનાવવા જરૂરી સુધારા સૂચવ્યા હતા અને નાણાકીય વર્ષ 2026-27 ના બજેટની જોગવાઈ મુજબ કામગીરીને ઝડપી બનાવવા આદેશ આપ્યા હતા. આ પ્રોજેક્ટ્સ પૂર્ણ થવાથી સુરતના નાગરિકોને એક જ સ્થળે આધુનિક રમતગમતની સુવિધાઓની સાથે સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવા માટેનું શ્રેષ્ઠ માધ્યમ મળી રહેશે. જહાંગીરપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં ખેલાડીઓની સુવિધા માટે કેફેટેરિયા અને આધુનિક સાધનોની વ્યવસ્થા પણ રાખવામાં આવશે, બંને સ્થળોએ સુરક્ષા અને સુવિધાના તમામ માપદંડોને ધ્યાને રાખીને બાંધકામ કરવાનું આયોજન નિષ્ણાંત કન્સલ્ટન્ટ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે.

# ધો.૮ની વિદ્યાર્થિનીની છેડતી કરનાર પકડાયો

સુરતઃ અમરોલી વિસ્તારમાં ટ્યુશનમાંથી પરત ફરી રહેલી ધોરણ-૮ની એક વિદ્યાર્થિનીનો ઘર સુધી પીછો કરનાર રોમિયોને પોલીસે ઝડપી લીધો હતો.

અમરોલી વિસ્તારમાં રહેતી ૧૩ વર્ષીય કિશોરી ગત તા. ૩ એપ્રિલના રોજ સવારે પોતાના ટ્યુશન ક્લાસીસ પર ગઈ હતી. સવારે ૧૦:૩૦ વાગ્યાના અરસામાં ટ્યુશન પતાવી તે પગપાળા પોતાના ઘરે પરત ફરી રહી હતી.

ત્યારે આ યુવાને બાઈક તેની એકદમ નજીક લઈ ગયો હતો. તેણે તેને કહ્યું કે,"ચાલ, આપણે ફરી આવીએ."આ પ્રકારની પજવણીથી કિશોરી અત્યંત ભયભીત થઈ ગઈ હતી અને રડતી હાલતમાં ઘરે દોડી ગઈ હતી.

તેની માતાએ અમરોલી પોલીસનો સંપર્ક કરી અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં પોલીસે આરોપી વિકી દીપકભાઈ રાઠોડને (ઉં.વ. ૩૨, રહે. સામર્થસેરેન, કોસાડ આવાસ, અમરોલી)ને ઝડપી પાડ્યો હતો. પકડાયેલો આરોપી મોબાઈલ રિપેરિંગનો વ્યવસાય કરતો હોવાનું બહાર આવ્યું છે. આ કામગીરી સીસીટીવી ફૂટેજના આધારે કરવામાં આવી હતી.

# સુરત રેલવે સ્ટેશને RPFએ બે મોબાઈલ ચોરને ઝડપી પાડયા

**આરપીએફ** પોલીસે કુલ 52,000ની કિંમતના 4 મોબાઈલ ફોન જપ્ત કર્યા

સુરતઃ સુરત રેલવે સ્ટેશન પર મુસાફરોની માલ-મિલકતની સુરક્ષા માટે તૈનાત RPF અને CPDS ની ટીમે ગણતરીના કલાકોમાં બે અલગ-અલગ ઓપરેશન પાર પાડી બે રીઢા મોબાઈલ ફોન ચોરને ઝડપી પાડ્યા છે. રેલવે સુરક્ષા દળ દ્વારા ચલાવવામાં આવી રહેલા ખાસ 'ઓપરેશન યાત્રી સુરક્ષા' અંતર્ગત ટ્રેનમાં ચઢતી વખતે ભીડનો લાભ ઉઠાવી મુસાફરોના કીમતી મોબાઈલ પર હાથફેરો કરતાં બે રીઢા તસ્કરને ઝડપી પાડવામાં આવ્યા છે. પકડાયેલા તસ્કરો પાસેથી કુલ 52,000ની કિંમતના 4 મોબાઈલ ફોન જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ પ્લેટફોર્મ નં.2 પર રાત્રે 23:10 કલાકે ટ્રેન નં.20960 વડનગર એક્સપ્રેસ આવી પહોંચતાં મુસાફરોની ભારે ભીડ જામી હતી.

દરમિયાન જનરલ કોચમાં ચઢતા એક મુસાફરનો મોબાઈલ ચોરીને ભાગી રહેલા 35 વર્ષીય પ્રવીણ ધનસિંહ ગેહલોત (રહે.,દિલ્હી ગેટ ફૂટપાથ) પર ઓન-ડ્યૂટી સ્ટાફ HC ગજાનંદ મીના, HC રામેશ્વર રાઉત અને HC જીવન નંદાલેની નજર પડી હતી. સતર્ક જવાનોએ ફિલ્મી ઢબે પીછો કરી આરોપીને દબોચી લીધો હતો. તેની તલાશી લેતાં 6,000ની કિંમતના 2 મોબાઈલ મળી આવ્યા હતા.

બીજી તરફ પ્લેટફોર્મ નં.1 પર રાત્રે 10 વાગ્યે ગોલ્ડન ટેમ્પલ મેઈલમાં ચોરી કરવાના ઈરાદે ઘૂસેલા 22 વર્ષીય જાવેદ હબીબ શાહ (રહે.,લિંબાયત) ને CPDSની ટીમે શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડ્યો હતો. આ તસ્કર પાસેથી 28,000ની કિંમતના 2 મોબાઈલ અને અન્ય એક તપાસ હેઠળનો 18,000નો ફોન મળી કુલ 46,000નો મુદ્દામાલ રિકવર કરાયો હતો. RPFના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ASI ભંવર સિંહ અને ASI પ્રેમ સિંહે આ બંને આરોપીને મુદ્દામાલ સાથે સુરત GRPને સોંપ્યા હતા. GRP આ અંગે ગુનો નોંધી આ તસ્કરો અન્ય કઈ કઈ ચોરીઓમાં સંડોવાયેલા છે કે તે દિશામાં તપાસ તેજ કરી છે.

### કોસાડ આવાસમાં બિનવારસી મોપેડમાંથી ૮ કિલોથી ગાંજો મળ્યો

સુરતઃઅમરોલી પોલીસે કોસાડ આવાસ વિસ્તારમાંથી એક મોપેડમાંથી ૮ કિલોથી વધુ ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે. કોસાડ આવાસ એચ-૩ બિલ્ડિંગ નંબર ૨૧૭ પાસે એક મોપેડમાં નશીલા પદાર્થનો જથ્થો લાવવામાં આવ્યો છે. તેવી બાતમીના આધારે પોલીસે બિલ્ડિંગ પાસે ઉભેલી શંકાસ્પદ બર્ગમેન મોપેડ (રજી. નં- GJ-05-TX-4765) ની તલાશી લેતા તેમાંથી પ્લાસ્ટિકની બેગમાં છુપાવેલો ૮.૧૫૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં આ ગાંજાની કિંમત અંદાજે રૂ. ૪,૦૭,૫૦૦ જેટલી થવા જાય છે. પોલીસે ગાંજાનો જથ્થો અને રૂ. ૭૦ હજારની કિંમતનું મોપેડ મળી કુલ રૂ. ૪,૭૭,૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.પોલીસના જણાવ્યા અનુસાર, અજાણ્યો ઈસમ પોલીસની રેડ પડે તે પહેલા જ મોપેડ અને ગાંજાનો જથ્થો ત્યાં મૂકીને નાસી છૂટ્યો હતો.

# ૩૦થી વધુ કેમેરા ચેક કરી પોલીસે બાળકીને શોધી કાઢી

સુરતઃ પુણાગામ વિસ્તારમાં આવેલા આશાનગરમાં રહેતા એક પરિવારની ૧૩ વર્ષીય પુત્રી બે દિવસ પહેલા પોતાના ઘરની બહાર રમી રહી હતી. દરમિયાન તે અચાનક ક્યાંક ચાલી ગઈ હતી. લાંબા સમય સુધી પુત્રી ન દેખાતા પરિવારજનોએ આસપાસના વિસ્તારમાં અને સંબંધીઓને ત્યાં તેની શોધખોળ હાથ ધરી હતી. જોકે, કલાકોની શોધખોળ બાદ પણ બાળકીનો કોઈ પત્તો ન લાગતા માતા-પિતા ભારે ચિંતામાં મુકાયા હતા અને અનિચ્છનીય ઘટનાની આશંકાએ ફફડી ઉઠ્યા હતા.હારી-થાકીને પરિવારજનો પુણાગામ પોલીસ મથકે પહોંચ્યા હતા અને સમગ્ર હકીકત જણાવી હતી. પોલીસે મામલાની સંવેદનશીલતા સમજી તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવી આશાનગર અને તેની આસપાસના રસ્તાઓ પર લાગેલા ૩૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ ઝીણવટપૂર્વક તપાસ્યા હતા. અને બાળકીને શોધી નાંખી હતી.